# ઐતિહાસિક પહેલ ; ૫ વર્ષ થવા સાથે જ ૭૦ શિક્ષકોને પૂર્ણ પગારના આદેશ

**રાજ્યમાં સૌથી ઝડપથી એ જ દિવસે પૂર્ણ પગારનો આદેશ કરવાનો યશ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ડી.ઈ.ઓ.ને ફાળે**







ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમા શિક્ષક તરીકે કામ કરતા ૭૦ જેટલા શિક્ષણ સહાયકની નોકરીના ૫ વર્ષ તા. ૭ જાન્યુઆરીએ પૂર્ણ થતા સરકારના નિયમ મુજબ તેઓને પૂર્ણ પગાર મળવા પાત્ર છે. જિલ્લા શિક્ષણાધિકારી તંત્રની પહેલથી આ તમામ શિક્ષકોને પૂર્ણ પગાર ચૂકવવાનો આદેશ ઓફિસ અવર્સ બાદ તુરંત કરાયો હતો આથી શિક્ષકોને પોતાનો હક્ક સ્વમાનભેર અને સરળતાથી મળી રહે.

નોકરીમાં ૫ વર્ષ પૂર્ણ થતા જ એ જ દિવસે પગારના આદેશથી શિક્ષકોમાં ભારોભાર ઉત્સાહ અને આનંદનુ વાતાવરણ જોવા મળ્યું હતું .જિલ્લા શિક્ષણ અધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયા દ્વારા પૂર્ણ પગારમાં આવતા તમામ શિક્ષકોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવ્યા હતા. એ જ દિવસે પૂર્ણ પગારના આદેશ કરવાનો શ્રેય તેઓએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સ્ટાફને આપ્યો હતો.તેઓએ આ કામગીરી સત્વરે સંપન્ન કરી તે માટે તેમની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.રાજ્યમાં સૌથી ઝડપથી એ જ દિવસે આદેશ કરવાનો યશ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ડી.ઈ.ઓ.ને ફાળે જાય છે.

આ કાર્યક્રમની સાથોસાથ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ઈ.આઈ.તરીકે નિમણૂક પામનાર અધિકારીઓનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું.વર્ગ ૩ માંથી વર્ગ ૨ માં પ્રમોશન થયેલ આચાર્યઓનુ પણ સન્માન કરવામાં આવ્યું હતુ. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની પૂર્ણ પગાર આદેશની કામગીરી એ જ દિવસે કરવા બદલ ભાવનગર જિલ્લાના સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ તેમજ શૈક્ષણિક સંકલન સમિતિએ આભાર માન્યો હતો.

# તળાજાના બેલા ગામે બે મહિલા સહીત પાંચનો વીજ ચેકિંગ ટીમ પર હુમલો

ભાવનગર,તા.૮

તળાજા તાલુકાના બેલા ગામે વીજ ચેકિંગની કામગીરી કરવા ગયેલી પીજીવીસીએલની ટીમ પર બે મહિલા સહિત પાંચ શખ્સોએ લોખંડની કોસ અને કુહાડીથી હુમલો કરી ઈજા પહોંચાડી ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસ મથકમાં કુલ પાંચ શખ્સો સામે જૂનિયર એન્જીનિયરે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. લોખંડની કોસ અને કુહાડીથી હુમલો કરતા જૂનિયર એન્જીનિયર અને હેલ્પરે ભાગવું પડ્યું હતું. કહેવાતા પ્રોટેક્શન વચ્ચે વીજ કર્મીઓ પર હુમલાના વારંવાર બનાવો બની રહ્યા છે જે સામે કર્મચારીગણમાં રોષ વ્યાપ્યો છે.

આ બનાવ અંગે અમરેલી જીયુવીએનએલ વિજીલન્સ સ્કવોર્ડમાં જૂનિયર એન્જીનિયર તરીકે ફરજ બજાવતા વિવેકભાઈ સુખદેવભાઈ વૈરાગીએ અલંગ પોલીસ મથકમાં ગોરધન આલજીભાઈ પડાયા, પ્રવિણાબેન, રિનાબેન, ચેતન અરવિંદભાઈ પડાયા અને મહેન્દ્ર ગોરધનભાઈ પડાયા (તમામ રહે.બેલા, તા.તળાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં બનવના દિવસે સવારે આઠેક વાગ્યાના અરસામાં તેઓ તથા તેમના હેલ્પર સંજયભાઈ બેલા ગામે ગોરધનભાઈ આલજીભાઈ પડાયાના મકાનમાં લંગર વાયર જોડી વીજચોરી કરવામાં આવતી હોવાનું જણાતા તેમના મકાનમાં જતા ઉક્ત પ્રવિણાબેન અને રીનાબેને તેમની સાથે ઝપાઝપી કરી અપશબ્દો કહ્યાં હતા. તેમજ ગોરધનભાઈ અને ચેતનભાઈએ લોખંડની કોસ અને કુહાડી વડે માર મારી ઈજા કરી અપશબ્દો કહી ધમકી આપી હતી. જેથી તેઓ તથા તેમના હેલ્પર ભાગીને મકાન બહાર જતાં ઉક્ત મહેન્દ્રભાઈએ અપશબ્દો કહી ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. આ અંગે અલંગ પોલીસે ગુનો નોંધ્યો છે. સામાન્ય રીતે પીજીવીસીએલની વીજ ચેકિંગની કામગીરી દરમિયાન વીજકર્મીઓને પોલીસ પ્રોટેક્શન આપવામાં આવે છે પરંતુ આ ડ્રાઈવમાં પોલીસ પ્રોટેક્શન માત્ર નામનું જ હોય તેમ બેલા ગામે જે ટીમ વીજ ચેકિંગ કરવા ગઈ હતી તેની સાથે માત્ર બે એસઆરપીના જવાનો જ હતા અને ભોગ બનનાર જુનિયર એન્જીનિયર અને હેલ્પર સાથે એક પણ એસઆરપી જવાન નહી હોવાનું સામે આવ્યું છે.

**લોખંડની કોસ અને કુહાડીથી હુમલો કરતા જૂનિયર એન્જીનિયર અને હેલ્પરે ભાગવું પડ્યું, કહેવાતા પ્રોટેક્શન વચ્ચે વીજ કર્મીઓ પર હુમલાના વારંવાર બનાવો**

# સતત ત્રીજા દિવસે સપાટો; મહુવા અને જેસર પંથકમાંથી ૪૨.૪૭ લાખની વીજચોરી ઝડપાઇ

**૪૭ ટિમો દ્વારા સામુહિક દરોડાથી વીજચોરો પર આવી તવાઈ**

ભાવનગર,તા.૮

PGVCLની કોર્પોરેટ ડ્રાઈવમાં ભાવનગર સર્કલમાં બુધવારે મહુવા ડિવિઝન નીચેના મહુવા અને જેસર તાલુકામાં વીજ ચેકિંગના દરોડા પાડવામાં આવ્યા હતા.PGVCL મહુવા ડિવિઝન નીચેના મહુવા ગ્રામ્ય-૧, મહુવા ગ્રામ્ય-૨, મહુવા ટાઉન, જેસર અને નેસવડ સબ ડિવિઝન નીચેના વિસ્તારોમાં ૪૭ ટીમોના સામૂહિક દરોડામાં કુલ ૭૫૨ વીજ જોડાણની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૧૪ વીજ જોડાણમાંથી રૂ.૪૨.૪૭ લાખની વીજચોરી પકડી પાડવામાં આવી હતી.

મહુવા ડિવિઝનમાં વીજ ચેકિંગના દરોડામાં ૧૧ કે.વી.ના બાંભોર જ્યોર્તિગ્રામ, પઢિયારકા જ્યોર્તિગ્રામ, દેપલા જ્યોર્તિગ્રામ, કુંભણ જ્યોર્તિગ્રામ અને પ્લાન્ટેશન અર્બન ફિડરમાં આવતા બાંભોર, રાણીવાડા, પઢિયારકા, વાંગર, દેપલા, રાણીગામ, કુંભણ, કોંજલી, ઉમીયાવદર અને નાળ ગામમાં વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.

કોર્પોરેટ ડ્રાઈવમાં કોર્પોરેટની ૧૬, સ્થાનિક ૧૩ અને GUVNLની ૧૮ ટીમ સહિત ૪૭ ટીમોમાં ૧૪૧ કર્મચારીઓ જોડાયા હતા. ચેકિંગના દરોડા દરમિયાન ૧૬ એસ.આર.પી. અને 16 GUVNL પોલીસનો કાફલો તૈનાત રખાયો હતો.ડ્રાઈવમાં મહુવા ડિવિઝન નીચેના મહુવા અને જેસર તાલુકામાં વીજ ચેકિંગના દરોડામાં ૭૫૨ રહેણાંકી વીજ જોડાણની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૧૪ રહેણાંકી વીજ જોડાણમાં વીજચોરી મળી આવી હતી.

# ભાવનગર રેલવે મંડળને યાત્રિકોની આવકમાં ૧૮.૭ ટકા અને માલભાડાની આવકમાં ૧૨.૯ ટકાનો વધારો

**વર્ષ ૨૦૨૫માં ૧૩૭૫.૯૪ કરોડ રૂપિયાની આવક, રેલવે મંડળ દ્વારા યાત્રી સુવિધા વધારવા અનેક આયોજનો ; ડીઆરએમ દ્વારા અપાઈ માહિતી**

ભાવનગર ,તા.૮

ભાવનગર રેલવે મંડળ માટે ૨૦૨૫નું વર્ષ આવક અને અન્ય બાબતોએ લાભદાયી રહ્યું હોવાની અને મુસાફર આવકમાં ૧૮.૭ ટકા અને માલભાડાની આવકમાં ૧૨.૯ ટકાના વધારા સાથે મંડળને ૧૩૯૫.૯૪ કરોડ રૂપિયાની આવક થવા પામી છે. તેમ ડીઆરએમ દ્વારા જણાવાયું હતું. આ સાથે યાત્રી સુવિધાના વધારા માટે વંદે ભારત સહિતની નવી ટ્રેન શરુ કરાઈ તેમજ ટ્રેનોમાં કોચો વધારવા સહિતના પગલાં લ;એવાય હોપવાનું તેમને ઉમેર્યું હતુ.



તસવીર : ધવલ વાજા

ભાવનગર મંડળમાં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં ૧૭ લેવલ ક્રોસિંગનો ઉચ્છેદ આરઓબી/આરયુબી નિર્માણ, ડાયવર્ઝન, સીધા બંધ દ્વારા સુધાર કરાયો છે. પાંચ રેલવે અંડરબ્રિજ, એક રેલવે ઓવરબ્રિજનું નિર્માણ પૂર્ણ કરાયું છે. સિહોર જંક્શનમાં નવો ફૂટ ઓવરબ્રિજ, વિવિધ સ્ટેશન પર ૧૨ નવા ફૂટ ઓવરબ્રિજ પ્રસ્તાવિત/નિર્માણાધીન છે. અતિક્રમણ અટકાવવા ૯.૨૪૫ કિ.મી. બાઉન્ડ્રી વોલનું નિર્માણ કરાયું છે. પાણી ભરાવાની સમસ્યા નિવારવા દામનગર-લીલિયા મોટા સેક્શનમાં વોટર-વે બ્રિજનું નિર્માણ પૂર્ણ કરાયું છે.

છેલ્લા ૧૨ માસમાં રૂા.૧૩૭૫.૯૪ કરોડ અને સર્વાધિક માસિક આવક ૨૯.૫૦ કરોડની યાત્રી આવક થઈ હતી. ડિસેમ્બરમાં ખાતરના ૯૪ રેક લોડ કરી ૪૬.૮૩ કરોડ અને એપ્રિલ માસમાં લેપીજીના ૭૭ રેક લોડ કરી રૂા.૨૧.૯૨ કરોડની કમાણી કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન મુસાફર આવકમાં ૧૮.૭ ટકા (રૂા.૨૩૧.૦૬ કરોડ) અને માલભાડાની આવકમાં ૧૨.૯ ટકા (રૂા.૭૮૭.૪૯ કરોડ)નો વધારો થયો છે. ભાવનગર મંડળને બે નવી ટ્રેન પણ મળી છે. જેમાં ભાવનગર-અયોધ્યા સાપ્તાહિક અને વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫માં ભાવનગર મંડળે અન્ય યાત્રી સુવિધા, સુરક્ષા, આધુનિકીકરણમાં વૃદ્ધિ અને ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી હોવાની માહિતી ભાવનગર ડીઆરએમ, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકે આપી હતી.

**ભાવનગર મંડળ દ્વારા જુદી જુદી કાર્યવાહી કરવા સાથે સામાજીક ફરજ બજાવાઈ**

★ભાવનગર રેલવેની સંપત્તિની ચોરી કરવાના દાખલ થયેલા ૧૭ કેસમાં ૪૩ શખ્સ અને એસીપીના ૨૧૪ કેસમાં ૧૯૭ શખ્સની ધરપકડ તેમજ રૂા.૪૧,૨૦૦નો દંડ વસૂલાયો

★ઓપરેશન અનામત અંતર્ગત ૨૦૪ ખોવાયેલી વસ્તુઓ મુસાફરોને પરત કરાઈ

★ ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ૩૫ બાળકોનું રેસ્ક્યુ કરી પરિવારને સોંપાયા

★ ઓપરેશન જીવન રક્ષા હેઠળ ગોંડલ સ્ટેશન પર સીપીઆર આપી મુસાફરનો જીવ બચાવ્યો.

★રેલવે અધિનિયમ હેઠળ ૮૮૩૯ કેસમાં રૂા.૧૦.૩૫ લાખનો દંડ વસૂલવામાં આવ્યો

# ભાવનગરમાં યોજાઈ પ્રાકૃતિક કૃષિ મેગા તાલીમ શિબિર

**‘કૃષિ પ્રગતિ’ મોબાઈલ એપ દ્વારા ખેડૂતોને આધુનિક ટેકનોલોજી આધારિત માર્ગદર્શન અપાયું**

ભાવનગર,તા.૫

આત્મા પ્રોજેક્ટ તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે લાખણકા–બુધેલ ચોકડી પાસે આવેલ માંગુકિયા પાર્ક ખાતે પ્રાકૃતિક કૃષિ મેગા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશોના વિવિધ સ્ટોલનું આકર્ષક પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જિલ્લા પ્રોજેક્ટ મેનેજર ઘનશ્યામભાઈ કંટારિયા દ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા), ભાવનગર જે.એન.પરમારે પ્રાકૃતિક કૃષિની આવશ્યકતા, તેના ફાયદા તથા વૈજ્ઞાનિક અભિગમ સાથે ખેતી કરવાની પદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ભૂપેશભાઈ તથા રાકેશભાઈએ પોતાના અનુભવ શેર કરી પ્રાકૃતિક ખેતીથી ખર્ચમાં ઘટાડો અને આવકમાં વધારો શક્ય બનતો હોવાનું જણાવ્યું હતું.માસ્ટર ટ્રેનર શ્રી મહેન્દ્ર કવાડે પ્રાકૃતિક કૃષિના પાંચ મુખ્ય આયામો તેમજ બીજામૃત, જીવામૃત અને ઘન જીવામૃતની બનાવટ તથા ઉપયોગ અંગે ઉપયોગી માહિતી આપી હતી. નાયબ બાગાયત નિયામક એમ.બી.વાઘમશીએ પ્રાકૃતિક કૃષિમાં મૂલ્યવર્ધન તથા બજાર વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એસ.બી. વાઘમશીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે મદદનીશ ખેતી નિયામક (પેટા વિભાગ), ભાવનગર ચતુર સાંખટે ખેતીવાડીની વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે કૃષિ પ્રગતિ એપ કમાન્ડ સેન્ટરના કૃષિ નિષ્ણાત વિરેન્દ્રસિંહ વિહોલે ‘કૃષિ પ્રગતિ’ મોબાઈલ એપ્લિકેશન વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, આ એપ દ્વારા ખેડૂતો સેટેલાઈટ આધારિત માહિતી, હવામાન પૂર્વાનુમાન તથા કૃત્રિમ બુદ્ધિ (છૈં) આધારિત સેવાઓ મેળવી શકશે. પાકની વાવણીથી લઈ કાપણી સુધીનું આયોજન, રોગ-જીવાતની ઓળખ અને તેના નિયંત્રણ અંગેની માહિતી પણ એપ દ્વારા ઉપલબ્ધ બનશે.

તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મૂળભૂત તત્વો તેમજ પાંચ મુખ્ય આયામો – જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, અચ્છાદન અને વૈજ્ઞાનિક વાવેતર પદ્ધતિ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા), ભાવનગર જયપાલસિંહ ચાવડાએ આભારવિધિ કરી ઉપસ્થિત તમામ મહેમાનો, નિષ્ણાતો તથા ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કવિતાકક્ષના છઠ્ઠા વાર્ષિકોત્સવ નિમિતે યોજાશે ગઝલ ગાયકીનો સુરીલો કાર્યક્રમ

**“એક તલસાટ કાયમી તે ગઝલ” કાર્યક્રમ નગરજનો વિનામુલ્યે માણી શકશે, પાસ મેળવી લેવા અનુરોધ**

ભાવનગર,તા.૮

ભાવનગર ખાતે કવિતાલક્ષી પ્રવૃત્તિઓના પથદર્શક ગુરુજી તખ્તસિંહજી પરમારની પુણ્ય સ્મૃતિમાં આરંભાયેલ કેવળ કવિતા કેન્દ્રી પ્રવૃત્તિઓનું આયોજન કરતી સંસ્થા કવિતાકક્ષ પોતાની સ્થાપનાનાં છ સક્રિય વર્ષો પૂર્ણ કરી રહેલ છે. આ દરમ્યાન સંસ્થા દ્વારા ૮૦ જેટલા જાહેર કાર્યક્રમો આયોજિત કરવામાં આવેલ છે. પબ્લિક ટ્રસ્ટ તરીકેની નોંધણી બાદ આ પ્રવૃત્તિના આયોજનોનો વ્યાપ સતત વિસ્તરી રહ્યો છે.

કવિતાકક્ષના છઠ્ઠા વાર્ષિકોત્સવ આયોજનના ભાગરૂપે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી આગામી તા. ૧૧ ને રવિવારે રાત્રે ૮-૪૫ કલાકે યશવંતરાય નાટ્યગૃહ ખાતે ગઝલ ગાયકીના એક સુરીલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં જાણીતા ગઝલગાયક મયુર હેમંત ચૌહાણ સાથે ડૉ. ફિરદૌસ દેખૈયા અને અનુષા મહેતા પ્રસ્તુતિ કરશે. જાણીતા ઉદ્ઘોષક તુષાર જોશીના સંચાલન હેઠળ આ કાર્યક્રમમાં જલદીપ શાહ અને એમનું વૃંદ સંગીત પ્રસ્તુતિ કરશે. આ પ્રસંગે વર્ષ ૨૦૨૨-૨૩ના ગૌરવ પુરસ્કૃત કલાકારો પૈકી ભાવનગર શહેર-જિલ્લાના કુશલ દીક્ષિત, જ્વલંત ભટ્ટ તથા મેરાણભાઈ ગઢવીનું વિશેષ સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલ તેમ જ અતિથિ વિશેષ તરીકે યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમાર, રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમી પુરસ્કૃત કવિ ડૉ. વિનોદ જોશી તથા ગૌરવ પુરસ્કૃત સંગીતજ્ઞ મહંમદભાઈ દેખૈયા ઉપસ્થતિ રહેશે. ભાવનગરના કવિતાપ્રેમી શ્રોતાઓ માટે નિઃશુલ્ક આયોજિત આ કાર્યક્રમના પ્રવેશકાર્ડ સાકાર ફોટો ઝોન (ઘોઘાસર્કલ), બુકપ્રથા (શશિપ્રભુ ચોક) તથા મોનાર્ક વિડીયો વિઝન (જશોનાથ ચોક) ખાતેથી મેળવી શકાશે. શહેરના કવિતા-ગઝલ રસિકોને આ આયોજનનો લાભ લેવા કવિતાકક્ષ તરફથી હાર્દિક અનુરોધ કરાયો છે.

**૧૧ વર્ષોમાં ૧૮ હજારથી વધુ કેમ્પ દ્વારા ૩૧ લાખ કરતાં વધુ દિવ્યાંગજન સુધી સહાય પહોચી; કેન્દ્રીય રાજયમંત્રી બી.એલ.વર્મા**

# પાલીતાણામાં ૩૬૬ દિવ્યાંગ લાભાર્થીઓને કુલ રૂ. ૫૯ લાખથી વધુના ૭૩૭ સહાયક સાધનોનું કરાયું વિતરણ

**કેન્દ્રીય રાજયમંત્રી બી.એલ.વર્માના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાની પ્રેરક ઉપસ્થિતિ**

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી બી.એલ. વર્માના અધ્યક્ષસ્થાને તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ’દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પમાં ૩૬૬ પૂર્વ-ચિહ્નિત દિવ્યાંગ લાભાર્થીઓને કુલ રૂ. ૫૯.૧૨ લાખની કિંમતના ૭૩૭ સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.





કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી બી.એલ. વર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુગમ્ય ભારત અભિયાન એક નવા સમયની શરૂઆત છે. સરકાર દિવ્યાંગજનને “આત્મનિર્ભર" બનાવવા સતત પ્રયાસરત છે.ADIP યોજના હેઠળ લાખો દિવ્યાંગજનોને નિઃશુલ્ક આધુનિક સહાયક સાધનો આપવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષોમાં દિવ્યાંગજનને સાધન-સહાય માટે અંદાજે ૧૮ હજારથી વધુ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.૩૧ લાખ કરતાં વધુ દિવ્યાંગજન સુધી સહાય પોંહચાડવામાં આવી છે.પહેલાં સરકારી નોકરીઓમાં દિવ્યાંગજનોને માત્ર ૩ ટકા જ આરક્ષણ મળતું હતું જે હવે ૪ ટકા મળતું થયું છે તેમજ ઉચ્ચ શિક્ષણ માટે ૫ ટકા કરાયું હોવાનું તેમણે જણાવ્યું હતું.આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત દેશમા અનેક ક્રાન્તિકારી બદલાવ આવ્યાં છે.દિવ્યાગજનો માટે સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી છે.સમગ્ર બોટાદ અને ભાવનગર જિલ્લામાં અંદાજે ૨૭૦૦ જેટલાં દિવ્યાંગજનનું ઍસેસમેન્ટ કરવામાં આવ્યું હતું,

કાર્યક્રમમાં ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા,જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, DGM એલિમ્કોના રમેશચંદ્ર, G M D C ના વીણાબેન,એલિમ્કોના નિતીન મહોર, પ્રાંત અધિકારી અંકિત પટેલ, ALIMCOનાં મેનેજર મૃદલ અવસ્થી સહિત જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત જિલ્લાના દિવ્યાંગજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)